આકાશવાણી, અમદાવાદ

21-01-2026 Midday : 2.30 to 2.35 pm

Wednesday Regional News

## CABINET MEETING GNR

ગાંધીનગરમાં આજે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઈ. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં રાજ્યના આગામી અંદાજપત્રને આખરી ઓપ આપવા, અંદાજપત્ર સત્ર દરમિયાન રજૂ થનારા ખરડા, આગામી પ્રજાસત્તાક દિવસના રાજ્યકક્ષાના કાર્યક્રમો તેમજ રાજ્ય સરકારના આગામી કાર્યક્રમ અને નીતિગત વિષય પર ચર્ચા કરવામાં આવી. ઉપરાંત બેઠકમાં અંદાજપત્ર સત્રની તૈયારીઓ અને રવિ મોસમમાં કૃષિ પાકની વાવણી, સિંચાઈના પાણી સહિતની બાબતોની સમીક્ષા કરવામાં આવી.

. . . . . . . . . . . . .

## UAE PRESIDENT GIFT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત પ્રવાસે આવેલા સંયુક્ત આરબ અમિરાત – U.A.E.ના રાષ્ટ્રપ્રમુખ શેખ મોહમ્મદ બિનઝાયદ અલ-નાહ્યાન-ને રાજ્યની ઓળખ સમાન પ્રસિદ્ધ કાષ્ઠ કોતરણી કરાયેલો હિંચકો ભેટમાં આપ્યો છે.

રાજ્યના કારીગરોની સમૃદ્ધ હસ્તકળાને પ્રદર્શિત કરનારો આ હિંચકો ગુજરાતી સંસ્કૃતિમાં હિંચકો એકત્વ, સંવાદ અને પેઢીઓ વચ્ચેની આત્મિયતાને પ્રસ્તુત કરે છે.

. . . . . . . . . . . . .

## HARSH SANGHAVI WEF

**નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સ્વિત્ઝર્લેન્ડના દાવોસમાં યોજાયેલી વર્લ્ડ ઈકોનોમિક ફૉરમ – WEFમાં રોકાણકાર અને ઉદ્યોગસાહસિક સાથે સંવાદ કર્યો. સોશિયલ મીડિયા પર આ અંગે માહિતી આપતા શ્રી સંઘવીએ કહ્યું, તેઓ હંમેશા પ્રેરણાદાયક, સરળ, વ્યવહારુ અમલીકરણ સાથે નવા વિચાર લાવે છે. આવો સંવાદ ખરેખર નવા દ્રષ્ટિકોણને જન્મ આપે છે.**

. . . . . . . . . . . . .

## GP SMASH PAHEL

રાજ્ય પોલીસનું “જીપી-સ્મૅશ” પૉર્ટલ મુશ્કેલીમાં મુકાયેલા નાગરિકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. માર્ચ 2025થી આ પૉર્ટલ દ્વારા અત્યાર સુધી એક હજાર 150થી વધુ પરિવારની સમસ્યાઓનો સુખદ ઉકેલ આવ્યો છે. આ પૉર્ટલ સાયબર ક્રાઈમ, ટ્રાફિક અને ગુમ થયેલી વ્યક્તિઓના કેસ ઉકેલવામાં પાયાનું સાધન બન્યું છે. તેમજ રિયલ-ટાઈમ મૉનિટરિંગને કારણે પોલીસ હવે ઘટનાસ્થળે તુરંત પહોંચી શકે છે. આ અંગે લૉ ઍન્ડ ઑર્ડર D.I.G. દિપક મેઘાણીએ વધુ માહિતી આપી.

. . . . . . . . . . . . .

## VGRC -EYE DONATE MOU -RAJKOT

રાજકોટ ખાતે યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સમાં ઔધોગિક કરારની સાથે સાથે એક વિશેષ પ્રકારના કરારો પર હસ્તાક્ષર કરાયા. આ તકે આવેલા 200 થી વધુ મુલાકાતીઓએ ચક્ષુદાન માટે આગળ આવી એમઓયુ કર્યાં હતાં. આ કોન્ફરન્સમાં જીટી શેઠ સરકારી આંખની  હોસ્પિટલ દ્વારા આંખના નિદાન અને આંખોની કાળજી અંગે માર્ગદર્શન આપવા સ્ટોલ રખાયો હતો જેમાં મુલાકાતે આવેલા 320 થી વધુ મુલાકાતીઓની આંખોની ડોક્ટર્સ ટીમે તપાસણી અને નિદાન કર્યા હતા. જેમાથી 200 થી વધુ મુલાકાતીઓ પોતાનાં મૃત્યુ બાદ આંખોનું દાન કરવા સહમત બની સ્થળ પર ચક્ષુદાન માટેનું ફોર્મ ભર્યું હતું.

આ તકે દિલ્હીથી આવેલા જોઈન્ટ ડાયરેક્ટર ડો. લલિત વાધવાએ તબીબો અને સમગ્ર ટીમની કામગીરીને બિરદાવી હતી.

. . . . . . . . . . . . .

## Aravalli Accident

અરવલ્લી જિલ્લાના શ્રદ્ધાળુઓને રાજસ્થાનના જોધપુર નજીક અકસ્માત નડતા કુલ પાંચ લોકોના મોત થયા છે જ્યારે 14 લોકો ઈજાગ્રસ્ત થયા છે. ગઈકાલે સાંજે શ્રદ્ધાળુઓ રામદેવરા ખાતે બીજના દર્શન કરી પરત ફરી રહ્યા હતા, ત્યારે જોધપુર - જૈસલમેર હાઈવે પર શ્રદ્ધાળુઓની લક્ઝરી બસ અને ટ્રક ટ્રેલર વચ્ચે આ અકસ્માત સર્જાયો હતો. તમામ ઈજાગ્રસ્તોને મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે.

. . . . . . . . . . . . .

## PANCHMAHAL AAROHAN SPARDHA

પંચમહાલના પાવાગઢમાં રાજ્યકક્ષાની છઠ્ઠી આરોહણ-અવરોહણ સ્પર્ધામાં નર્મદાના વસાવા ઈનેશ 25.08 મિનિટ સાથે અને સાબરકાંઠાનાં ખુશ્બુ બોદર 34.28 મિનિટના સમય સાથે પ્રથમ સ્થાને રહ્યાં છે. આ સ્પર્ધામાં રાજ્યભરમાંથી 141 જેટલા દોડવીરોએ ભાગ લીધો હતો.

મહાનુભાવોના હસ્તે પ્રથમ ક્રમે રહેલા વિજેતાને 25 હજાર અને દ્વિતીય ક્રમે રહેલા ખેલાડીને 20 હજાર રૂપિયાનું રોકડ ઈનામ અને વિજયચિહ્ન અપાયું.

. . . . . . . . . . . . .

## CRICKET - IND VS NZ T20

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે આજે પાંચ મેચની T-20 આંતરરાષ્ટ્રીય શ્રેણીની પહેલી મેચ મહારાષ્ટ્રમાં રમાશે. નાગપુરના વિદર્ભ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ખાતે સાંજે 7 વાગ્યે શરૂ થશે.

સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમ માટે આ એક મહત્વપૂર્ણ શ્રેણી રહેશે. મેચની પૂર્વસંધ્યાએ સૂર્યકુમાર યાદવે જણાવ્યું હતું કે ઈશાન કિશન ત્રીજા નંબરે બેટીંગ  કરશે.

આગામી શુક્રવારે છત્તીસગઢમાં રાયપુરના શહીદ વીર નારાયણ સિંહ આંતરાષ્ટ્રીય સ્ટેડિયમ ખાતે બીજી મેચ રમાશે.

. . . . . . . . . . . . . . . . . . . . .

AMBAJI PRASAD

શક્તિપીઠ અંબાજીની મંદિરની નિ:શુલ્ક ભોજન વ્યવસ્થાને વ્યાપક આવકાર મળી રહ્યો છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર છેલ્લા બે વર્ષમાં 48 લાખ માઈ ભક્તોએ ભોજન પ્રસાદ ગ્રહણ કર્યો છે. અહી દરરોજ સરેરાશ 7 હજારથી વધુ માઈ ભક્તો ભોજન પ્રસાદનો નિઃશુલ્ક લાભ લઈ રહ્યા છે. ભાદરવી પૂનમના મહામેળા દરમિયાન મંદિર ટ્રસ્ટ અને સંસ્થાઓ દ્વારા 3 લાખ 41 હજાર યાત્રિકોને ભોજન પ્રસાદ અપાયો હતો. ટ્રસ્ટના જણાવ્યા અનુસાર છેલ્લા પાંચ દિવસમાં અઢી લાખથી પણ વધુ યાત્રિકોએ નિઃશુલ્ક ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.

. . . . . . . . . . . . .